# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જાનુ પરમાર વાંચે છે.

---

- **લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં એક હજાર 625 ઉમેદવારો મેદાનમાં**
- ધોરણ 10 પછીના ડિપ્લોમા ઇજનેરી પ્રવેશ માટે 15 એપ્રિલથી 15 મે સુધી નોંધણી કરાવી શકાશે.
- ગુજકોસ્ટ દ્વારા યોજાતી ગુજરાત સ્ટેમ ક્વિઝ – 3 માટે ઓનલાઈન નોંધણી શરૂ કરાઈ છે.
- આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ - અંબાજી, પાવાગઢ, બહુચરાજી સહિતના માઇ મંદિરોમાં વિશિષ્ટ આયોજનો કરાયાં છે.
- રાજયમાં આજે ગુડી પડવાની ઉલ્લાસભેર ઉજવણી કરાશે.
- નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# First phase elections

ચૂંટણી પંચે જણાવ્યું છે કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે નામો પરત ખેંચાયા બાદ એક હજાર છસો પચીસ ઉમેદવારો મેદાનમાં છે. તેમાંથી એક હજાર ચારસો નેવું એક પુરૂષ અને એકસો ચોત્રીસ મહિલાઓ છે.

આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે 19 એપ્રિલે મતદાન થશે. પ્રથમ તબક્કામાં તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરીમાં ચૂંટણી યોજાઈ રહી છે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# EVM, VVPT

લોકસભાની સામાન્ય ચૂંટણીમાં અમદાવાદ જીલ્લામાં EVM અને VVPAT ફાળવણી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જીલ્લામાં ચૂંટણીમાં ઉપયોગમાં લેવાનાર 6 હજાર 814 BU, 6 હજાર 814 CU અને 7 હજાર 357 VVPATની ફાળવણી પ્રક્રિયા ગામી ત્રણ દિવસ સુધી ચાલશે.

આ અંગે અમદાવાદ જિલ્લાના EVM ડિસ્ટ્રિબ્યુશન નોડલ અધિકારી વિમલભાઈ જોષીએ કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી. કે.ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં આવેલા ૨૧ વિધાનસભા મત વિસ્તાર અને ૫ સંસદીય મત વિસ્તારો માટેના ઈ.વી.એમ. ડિસ્ટ્રિબ્યુશનની કામગીરીનો સોમવારથી પ્રારંભ થઇ ગયો

---------------------------------------------------------------------

-માહિતી. જાનુ -(નવીન)

# SVEEP Ahmedabad

લોકસભા ચૂંટણીમાં મહત્તમ સંખ્યામાં મતદારો તેના મતાધિકારનો ઉપયોગ કરે તે ઉદ્દેશથી SVEEP કાર્યક્રમ અમલમાં મૂકાયો છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે હેતુથી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લામાં શાળા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

આવો જ એક કાર્યક્રમ છે શિક્ષક બનશે મતદાનનો મશાલચી.

અમદાવાદ જિલ્લાની તમામ શાળાઓના શિક્ષકો આવતીકાલથી ૨૦ એપ્રિલ દરમિયાન પોતે જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારની આસપાસની સોસાયટી/ મહોલ્લા, દૂધમંડળી, સહકારી મંડળી વગેરે સ્થળોએ લોકો સાથે એક બેઠક કરીને લોકોને મતદાન માટે પ્રેરિત કરે અને પોતાના વિસ્તારમાં મહત્તમ મતદાન થાય તે સુનિશ્ચિત કરે  તેવું આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્યની કચેરી દ્વારા કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

-માહિતી, જાનુ -(મયુર)

# Matdan Jagruti Baroda/Gir Somnath

આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત રાજ્યભરમાં મતદાન જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ત્યારે અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, જિલ્લાના રામમંદિર ખાતે મતદાન જાગૃતિ માટેના અવસર રથનું જિલ્લા કલેક્ટર દ્વારા નીરિક્ષણ કરવામાં આવ્યું હતું. તેઓ જણાવ્યું કે, 10 મિનિટ દેશ માટે લોકસભા ચૂંટણીમાં મતદાન માટે આપીને લોકશાહીના અવસરને દીપાવવા માટે અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, અવસર રથમાં સાઉન્ડ સિસ્ટમ સાથે મતદાન જાગૃતિ માટે વિવિધ સ્લોગન, જોડકણાં સાથે સંગીતમય પ્રસ્તુતિ દ્વારા લોકજાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તો બીજીતરફ વડોદરા જિલ્લાના પ્રતિનિધિ નિર્મિત દવે જણાવે છે કે, જિલ્લાના 10 ગામોમાં શેરી નાટકના માધ્યમથી મહિલાઓમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એક નવતર પહેલના ભાગરૂપે ગત ચૂંટણીમાં પુરુષ સરખામણીએ સ્ત્રી મતદારોની સંખ્યા ઓછી હોવાથી ગામોમાં MSUના વિદ્યાર્થીઓ તથા અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને આર્ટિસ્ટો દ્વારા શેરીનાયકનું આયોજન કરાયું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી, ગીર સોમનાથ રાજેશ ભજગોતર, વડોદરા, નિર્મિત દવે, જાનુ પરમાર, મયુર

# Diploma Engineering

ધોરણ 10 પછીના ડિપ્લોમા ઇજનેરી સર્ટિફિકેટ ટુ ડીપ્લોમાં પ્રવેશ માટે 15 એપ્રિલથી 15 મે સુધી નોંધણી કરાવી શકાશે.

પ્રવેશ સમિતિ દ્વારા ધોરણ 10 પછીના વિવિધ ડિપ્લોમા ઇજનેરી કોર્સમાં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અગાઉ ધોરણ 10 પાસ થયેલ વિદ્યાર્થીઓ 15 એપ્રિલથી 15 મે સુધી અને C TO D માટે 15 એપ્રિલથી 30 એપ્રિલ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકાશે. ચાલુ વર્ષે ધોરણ 10ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પરિણામ જાહેર થયા બાદ નોંધણી કરાવી શકશે.

વિદ્યાર્થીઓ દરેક ડિપ્લોમા ઇજનેરી કોલેજોમાં શરૂ કરાયેલો હેલ્પ સેન્ટરમાં જઇને પણ ઓનલાઇન નોંધણી કરાવી શકશે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# Gujcost

ગુજકોસ્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ક્ષેત્રે જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે યોજાતી ગુજરાત સ્ટેમ ક્વિઝ – 3 માટે ઓનલાઈન નોંધણી શરૂ કરાઈ છે.

આ ક્વિઝમાં ધોરણ – 9થી ધોરણ – 12ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ ક્વિઝમાં વિજ્ઞાન, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછાશે. પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરના રહેશે.

ક્વિઝની ભાષા ગુજરાતી અને અંગ્રેજી હશે. ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ 30મી એપ્રિલ સુધીમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા, -(મયુર)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# CHAITRI NAVRATRI -01

આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થયો છે. શક્તિપીઠ અંબાજી, પાવાગઢ સહિત બહુચરાજી મંદિરે વિશિષ્ટ આયોજનો કરવામાં આવ્યાં છે. મંદિરોમાં શતચંડી યજ્ઞ, નવચંડી હોમ સહિતના આયોજનો કરાયા છે.

શક્તિપીઠ અંબાજી ખાતે આજે સવાનવથી ઘટસ્થાપન કરવામાં આવશે. તેમજ આજથી 16 એપ્રિલ દરમ્યાન આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પાવાગઢ શક્તિપીઠ ખાતે ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે તે માટે યાત્રાળુઓને આવવા- જવા માટે વન વે પથ તૈયાર કરાયો છે. તળેથીથી માચી સુધી ખાનગી વાહનો લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નવેનવ દિવસ પાવાગઢ શક્તદિપીઠ ખાતે માતાજીના ચંડીપાઠ સાથે રોજ નિતનવા શણગારો થશે. આ સાથે 45 ટન સુખડિનો પ્રસાદ પણ બનાવવામાં આવશે. અને એ પ્રસાદ ભક્તોને આપવામાં આવશે.

પાવાગઢ મહાકાળી ધામ ખાતે ચૈત્રી નવરાત્રીને લઈને દર્શનાર્થીઓ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

મંગળવાર, રવિવાર અને પૂનમના દિવસે મંદિરના કપાટ સવારે ચાર વાગ્યે ખુલશે એવું પાવાગઢ મંદિરના ટ્રસ્ટી અશોક પંડ્યાએ જણાવ્યું હતું.

(બાઈટ – અશોક પંડ્યા, પાવાગઢ મંદિરના ટ્રસ્ટી)

પાવાગઢ મહાકાળી મંદિરના દર્શનાર્થે આવનાર ભક્તોની સગવડતા માટે રોપ-વેની કામગીરીના સમયમાં તંત્ર દ્વારા ફેરફાર કરાયો છે. આજે અને ૧૪, ૧૬, ૨૧ અને ૨૩ એપ્રિલે રોપ વે ટિકિટ બારી સવારે ૪ વાગ્યે શરૂ થશે અને રોપ વે સર્વિસ સવારે ૫ વાગ્યે શરૂ કરાશે.

# CHAITRI NAVRATRI -02

અમદાવાદ શહેરના મુખ્ય માતાજી મંદિરોમાં વિશેષ કાર્યક્રમો યોજાશે. અર્બુદા દેવી મંદિરમાં 101 સાડીનો શણગાર કરાવશે. ભદ્રકાળી માતાના મંદિરમાં 50 કિલો લીમડાના રસનો પ્રાસદ અપાશે.

# GUDI PADWA

આ સાથે આજે રાજ્યભરમાં ગુડી પડવાની ઉલ્લાસભેર ઉજવણી કરાશે. મરાઠી લોકોના નવા વર્ષ ગુડી પડવાની રાજયમાં વિશિષ્ટ ઉજવણી કરાશે. આ દિવસે ગુડી રોપી તેને સાડી પહેરાવી ફુલોના સાકરના હારથી શણગારવામાં આવે છે. ઉપરના ભાગે ઊંધો કળશ કે ચાંદીનો લોટો સ્થાપવામાં આવે છે પછી ગુડીની ષોડશોપચારથી પૂજા કરાય છે.

માન્યતા મુજબ ઘરમાં ગુડીની સ્થાપના કરવાથી નકરાત્મક ઉર્જા દૂર થાય છે ઇને જીવનમાં સુખ સમૃદ્ધિ આવે છે.

------------------------------------------------------------------------

-રીપીટ

# DIU SOMAVATI AMAS

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે સોવતી અમાસના નિમિત્તે મહિલાઓ દ્વારા પીપળાની પુજા તથા પ્રદિક્ષણા કરી હતી.

શાસ્ત્રમાં અમાસનું વિશેષ મહત્વ દર્શાવાયું છે પરંતુ સોમવાર અને અમાસનો સમન્વય થતાં ધાર્મિક શ્રદ્ધા સાથે પીપળાની પૂજા કરવામાં કરાવમાં આવે છે.

---------------------------------------------------------------------

-પીટીસી, દીવ, જાનુ -(નવીન)

# Chess

નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. હિમાચલ પ્રદેશમાં આયોજીત આ સ્પર્ધામાં ગુજરાતની એ ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

ટીમના જવલ પટેલે 6.5, મુકુંદ અગ્રવાલે 6 અંકો સાથે વ્યક્તિગત રજત ચંદ્રક મેળવ્યો છે.

મહીલા ટીમે અંતિમ રેકિંગમાં 7મું સ્થાન મેળવ્યું છે. તેજસ્વીની સાગરે 6 અંકો સાથે વ્યક્તિગત સુવર્ણ અને માન્ય ડ્રોલીયાએ વ્યક્તિગત કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

---

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# Pickle Ball Contest

વિશ્વ પિકલ બોલ સ્પર્ધામાં રાજ્યના વીર શાહે સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીત્યા છે. તાજેતરમાં વિયેતનામ ખાતે યોજાયેલી વિશ્વ પિકલબોલ ચેમ્પિયનશીપમાં રાજ્યના વીર શાહે અંડર – 14 કેટેગરીમાં સુવર્ણ અને અંડર – 18 કેટેગરીમાં કાંસ્ય ચંદ્રકો જીત્યા છે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા-(મયુર)

# Tennis

રાજ્યની હની જુમાનીએ અંડર – 14 ટેનિસ સ્પર્ધામાં ખિતાબ જીત્યો છે. દુબઈ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં હનીએ સેમિફાઈનલમાં મેડલેન ફેરફાસને 6-2, 7-5થી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

ફાઈનલમાં તેણે ઐથારી કોનશેલિયેવાને 6-4, 6-3થી હરાવી ખિતાબ જીતી લીધો છે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, નિકીતા -(મયુર)

# Good Governance- Patan

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે "સુશાસનમાં વહીવટી કર્મચારીઓની ભૂમિકા" વિષય પર યુનિવર્સિટીના કુલપતિ ડો.કિશોર પોરિયાની અધ્યક્ષતામાં ગઈકાલે એક તાલિમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે આ તાલિમ કાર્યક્રમમાં રાજકોટની આત્મીય યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. જયેશ વી. દેશકર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે, કોઈપણ દેશની પ્રગતિનો આધાર તેની શિક્ષણ વ્યવસ્થા હોય છે અને આ શિક્ષણ વ્યવસ્થામાં વાહક તરીકે તેના વહીવટી અધિકારીઓ, કર્મચારીઓ હોય છે. પાટણ યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરકુમાર પોરિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, માર્ગદર્શન તાલીમ દ્કાર્યક્રમ દ્વારા કર્મચારીના કૌશલ્યમાં વધારો થાય છે અને યુનિવર્સિટી ગતિશીલ બને છે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગના વહીવટી અને શૈક્ષણિક સ્ટાફે ભાગ લીધો હતો.

---

-પીટીસી, પાટણ, હર્ષ -(નવીન)

# Narmada---Uttaravahi Parikrama

નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા ગઇકાલથી શરૂ થઈ 8મી મે, 2024 સુધી ચાલશે.

પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરતી કાળજી સાથે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નર્મદા પરિક્રમાનો રૂટ પણ યથાવત રહેશે.

પરિક્રમા શરૂ થવાના પૂર્વે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયા એ શનિવારે સાંજે સ્થળ પર જઈ રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ, શ્રદ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમજ નાવડી સંચાલકો અને શ્રદ્ધાળુૂઓ માટે સુવિધાની કામગીરી કરી રહેલી એજન્સીના પ્રતિનિધિઓ સાથે જરૂરી ચર્ચા કરી કેટલાંક સૂચનો કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓ માટે નાવડી સંચાલન, પાર્કિંગ, આરોગ્ય, સલામતી છાંયડો, પીવાના પાણીની વ્યવસ્થા, કંટ્રોલરૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

---------------------------------------------------------------------

-રીપીટ